**<u>વ.કો.પરચુરણ અરજી નં.૧/૨૦૨૦ ના કામે આંક–૧ લગત હુકમ :–</u>**

**<u>– : : હુ ક મ : : –</u>**

૧) આ કામના અરજદારે હાલની અરજી વ.કો.નોન ફેટલ કેસ નં.૧/૧૮ નાં કામે થયેલ હુકમ મુજબ વળતર, વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમની વસુલાત માટે કરેલ છે. આ કામે પક્ષકારો તર્ફે આંક–૧ર થી પુરસીસ રજુ કરેલ છે. જે આંક–૧ર ની વિથડ્રો પુરસીસના કથનો વંચાણે લેતા, આ કામે અરજદારે સામાવાળાઓ પાસેથી રૂ.૧૮,૬૩,૬૧૪/– વસુલ મેળવવા કરેલ છે. મુળ કામે સામાવાળા નં.૧ તથા ર તર્ફે રૂ.૭,ર૪,૬૯૮/– તથા સામાવાળા નં.૩ તર્ફે રૂ.૧૦,૫૭,૧ર૦/– મળી કુલ રૂ.૧૭,૮ર,૦૮૮/– જમા કરાવેલ છે. જે રકમ પૈકી અરજદારની બાકી રહેતી રકમ રૂ.૮૧,પર૬/– અરજદાર જતી કરે છે અને તે રકમ વસુલ મેળવવા ભવિષ્યમા કયારેય દાવો કરશે નહી તેમજ પોલીસીની શરતો મુજબ વિમાકંપનીએ રૂ.૧,૦૦,૦૦૦/– મેડીકલ બીલના જમા કરાવેલ છે. બાકી રહેતી મેડીકલ બીલ/ખર્ચની રકમ સામાવાળા નં.૧–ર તરફે જમા કરાવેલ રકમ માંથી વસુલ કરવામાં આવે તો વાંધો નથી, તેમજ વ્યાજ, પેનલ્ટી અને ખર્ચની રકમ અરજદારોને ચુકવવામા આવે તો વાંધો નથી તેમ જણાવી હાલની અરજી વિથડ્રો કરવાનુ અને તે મુજબ હુકમ કરવા પુરસીસથી જાહેર કરતાં, સદરહું પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, અરજદારનો હાલનો કેસ આંક–૧ર ની વિથડ્રો પુરસીસમાં જણાવેલા કથનો આધારે વિથડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ર) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૮મી માહે :ફેબ્રુઆરી, સને ર૦ર૦ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૦૮/૦ર/ર૦ર૦.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (સી.ડી.) લેબર કોર્ટ નં.૧,
જુનાગઢ. (૦૧૦૩૧)